# વરસાદમાં પણ ભક્તિ-શ્રદ્ધાના સથવારે અંબાજીમાં માઈભક્તો ધસારો





તા.૧૯ સપ્ટેમ્બરથી શરૂ થયેલ અંબાજી ભાદરવી મહામેળો તા. ૨૫ સપ્ટેમ્બર સુધી યોજાશે. વરસાદી માહોલથી વાતાવરણમાં ઠંડક પ્રસરી રહી છે. આધ્યશક્તિ મા અંબે ઉપરની પરમ શ્રધ્ધા અને ભક્તિના સથવારે જય અંબે..... જય અંબે.... ના જયઘોષ સાથે યાત્રિકો આનંદપૂર્વક અંબાજી પંહોચી રહ્યા છે.

માત્ર ગુજરાતમાં જ નહી પરંતુ સમગ્ર પશ્ચિમ ભારતમાં ભરાતા મોટા મેળાઓમાં સ્થાન ધરાવતા આ ભાદરવી પુનમના મહામેળામાં લાખો માઈભક્તો દુરદુરથી ચાલતા આવે છે. આ વરસે પણ લાખો શ્રધ્ધાળુઓ દુરદુરથી અંબાજી આવી રહ્યા છે. બનાસકાંઠા કલેકટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન સંદીપ સાગલેની સુચના અને માર્ગદર્શન અનુસાર મેળામાં યાત્રિકોને સરળતાથી જરૂરી તમામ સુવિધાઓ ઉપલબ્ધ બની છે. અંબાજીમાં ચોમેર સરસ સ્વચ્છતા અને મેળામાં દોડતી મોટાભાગની એસ.ટી.બસો નવિન જોઈને યાત્રિકોને આનંદ થયો છે. કલેકટરના આ અભિગમની લોકોએ સરાહના કરી છે. અંબાજીમાં ઉમટતા લાખો માઈભક્તોને પરત ઘેર જવા માટે પુરતી સંખ્યામાં બસો હોવાથી અંબાજીમાં અતિશય ભીડ નિવારી શકાઈ છે. આવી સરસ સુવિધાને લીધે યાત્રિકો કાયમી સંભારણા સાથે પોતાને વતન સરળતાથી પાછા ફરી રહ્યા છે.

મંદિરની વિવિધ રોશનીથી ભવ્ય સજાવટ કરવામાં આવી છે. માતાજીના મૂળ પ્રાગટ્ય સ્થાન મનાતા ગબ્બર મુકામે નિર્માણ કરવામાં આવેલ ૫૧ શક્તિપીઠોના દર્શન કરી માઈભક્તો ધન્ય બની રહ્યા છે.





## પ્રાંતિજ સહિત તાલુકામાં હર્ષોલ્લાસપૂર્વક ગણેશજીનું વિસર્જન કરાયું

સાબરકાંઠા ના પ્રાંતિજ સહિત તાલુકામાં વિઘ્ન હર્તા દુંદાળા દેવ ગણપતિ દાદા ની દશ દિવસ સ્થાપના બાદ વિસર્જન વાજતેગાજતે કરવામાં આવ્યું હતું તો ભવ્ય શોભાયાત્રાઓ જુદીજુદી જગ્યાએ થી નિકળી હતી. ગણપતિ વિસર્જન ઉત્સવમાં લોકો દાદાને વિદાય આપવા અને આવતાં વર્ષે જલ્દી આવજો તેમ બુમ બરાડા પાડતા ગુલાલ, ફટાકડા નાચતા-વગાડતા ડીજેના તાલે જુમતા ગણેશ ભકતો નજરે પડ્યા હતાં રેલ્વે સ્ટેશન વિસ્તાર, પંડયા વાસ, લાલ બાદશાહ તરીકે ઓળખાતાં આંટીયાવાસ વાસ વગેરે સ્થળોથી ગણેશ વિસર્જન કાર્યક્રમો યોજાયા હતા. જયારે ઠેરઠેર પ્રાંતિજ સહિત તાલુકા માં શોભાયાત્રાઓ નિકળી હતી અને દાદાને વિદાય આપી હતી તો માર્કંડેશ્વર મહાદેવ મંદિર ખાતે આવેલ મોટી બોખ તથા સાદોલીયા સાબરમતી નદી ખાતે દાદાની મુર્તિ ઓ વિસર્જન કરવામાં આવામાં આવ્યું હતું અને અને ગણપતિ ઉત્સવ નગરજનો તથા આમજનતાએ વિશેષપણે ઉજવ્યો હતો.



## પ્રાંતિજ સહિત વિસ્તારમાં ધોધમાર વરસાદ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત ના વિસ્તારોમાં ગરમી ઉકળાટ બાદ ધોધમાર વરસાદ પડતાં ખેડૂતો સહિત નગરજનોમા ખુશી જોવા મળી હતી તો વરસતા વરસાદ પણ ગણેશ ભક્તોએ વિધ્ન હર્તા નુ વિસર્જન કરાયું. પ્રાંતિજ સહિત વિસ્તારોમાં અચાનક ગરમી અને ઉકળાટ બાદ ધોધમાર વરસાદ પડતાં નગરજનો સહિત ખેડૂતોમાં ખુશી જોવાં મળી હતી તો બીજી બાજુ ધોધમાર વરસાદ માં પણ ગણેશ ભકતો વાજતે ગાજતે વરસતા વરસાદ મા નાચતાં જોવાં મળ્યાં હતાં તો ભગવાન ગણેશ ને ધોધમાર વરસાદ માં પણ વિવિધ મંડળો દ્વારા વિસર્જન કરવામાં આવ્યું હતું તો માત્ર અડધો કલાક મા દોઢ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો તો ખેડૂત તો સહિત નગરજનોમાં ખુશી જોવાં મળી હતી.

## અંબાજી મેળામાં યુ.જી.વી.સી.એલ.ની પ્રશંસનીય કામગીરી

અંબાજી મહામેળા પ્રસંગે ૩૦ લાખ જેટલા યાત્રિકો સાત દિવસ દરમિયાન દુરદુરથી યાત્રાધામ અંબાજીમાં આવે છે. આ પ્રસંગે રસ્તાઓ પર અને સમગ્ર અંબાજીમાં સતત વીજ પુરવઠો જાળવવાની પ્રશંસનીય કામગીરી યુ.જી.વી.સી. એલ પાલનપુરના સુપ્રિ. એન્જીનિયરશ્રી એલ. એ. ગઢવીના માર્ગદર્શન-સુચના અનુસાર તેમની સમગ્ર ટીમ દ્વારા કરવામાં આવી રહી છે.અંબાજી મહામેળા પ્રસંગે યાત્રિકોને જરૂરી સૂવિધાઓ આપવા કલેકટર સંદીપ સાગલેના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સેવાભાવ સાથે યાત્રિકોને સુવિધાઓ પુરી પાડવામાં આવે છે.

## રોશની અને લાઈટીંગના શણગારથી અંબાજી તીર્થ સ્થાનની ભવ્યતા અને સુંદરતામાં ચાર ચાંદ લાગ્યા

અંબાજી મંદિર પરિસર અને સમગ્ર અંબાજીમાં જિલ્લા વહીવટીતંત્ર અને અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ ધ્વારા રોશની અને લાઈટીંગની સુંદર વ્યવસ્થા કરવામાં આવતા અંબાજી તીર્થ સ્થાનની ભવ્યતા અને સુંદરતામાં ચાર ચાંદ લાગ્યા છે. રોશનીને લીધે અંબાજી મંદિરની ભવ્યતા નિહાળી માઈભક્તોમાં આનંદ અને સંતોષની લાગણી જોવા મળી છે. આવતીકાલ તા.૨૫, ભાદરવી પૂનમનો દિવસ આ મેળાનો છેલ્લો દિવસ છે. યાત્રિકો સરળતાથી સારા દર્શન કરી શકે તેમજ પ્રસાદ વગેરે મેળવી શકે તે માટે અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા મંદિર પરિસરમાં સારી સૂવિધાઓ કરવામાં આવી છે. દુર-દુરથી પદયાત્રા દ્વારા ચાલીને આવતા ઘણા યાત્રિકો ભક્તિભાવપૂર્વક મંદિર પર ધજા ચડાવી ધન્ય બનતા જોવા મળે છે.



ભાદરવી પૂનમે અંબાજી જતા પગપાળા યાત્રાળુઓને મેરવાડા પાસે આવેલા વિસામો સેવા કેમ્પમાં યાત્રિકોને પ્લાસ્ટિક નહિ વાપરવા આગ્રહ કરી કાપડની થેલીઓ આપી એક નવો જ અભિગમ કેમ્પના આયોજક ગિરીશ જગાણીયા અને તેમની ટીમે કર્યો હતો. આ પ્રસંગે પૂર્વ મંત્રી શંકર ચૌધરી, પ્રદેશ ભાજપ મહામંત્રી કે.સી.પટેલ સહિત અગ્રણીઓ માં અંબેના જયકારા બોલાવ્યા હતા.

## દાંતા-રતનપુર જય જલિયાણ સેવા કેમ્પ પર અઢી લાખ પદયાત્રિકોએ ભોજન પ્રસાદનો લાભ લીધો

### વરસાદી માહોલમાં પદયાત્રિકો ગરબે ઘુમ્યા : શીતલ ઠાકોરે ધૂમ મચાવી

અંબાજી ભાદરવી પૂનમનો મહામેળો અંતિમ ચરણમાં છે ત્યારે દાંતા-રતનપુર ખાતે છેલ્લા ચાર દિવસથી ચાલી રહેલા જય જલિયાણ ફાઉન્ડેશન દ્વારા આયોજીત જય જલિયાણ સેવા કેમ્પમાં પદ યાત્રિકોનો ઘસારો યથાવત જાવા મળ્યો હતો. ચાર દિવસમાં અંદાજીત ૨.૫૦ લાખ યાત્રિકોએ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો. આ સાથે બનાસકાંઠા ચાર દિવસથી ૨૪ કલાક ભોજન સુવિધા સેવા કેમ્પમાં પૂરી પાડવામાં આવે છે.

૪૦ હજાર ફુટ વિશાળ શામિયાણામાં વરસાદી મોહલ વચ્ચે હજારો પદ યાત્રિકોએ વિસામો મેળવ્યો હતો. રાત્રે હજાર પદયાત્રિકોએ આરામની સુવિધાનો લાભ લીધો હતો. આ સાથે બનાસકાંઠા જિલ્લાના ઉત્સાહી કલેકટર સંદિપ સાંગલેએ જય જલિયાણ



જિલ્લા કલેકટર માનનીય સંદિપ સાંગલેએ કેમ્પની મુલાકાત લઈ સમગ્ર વ્યવસ્થાને નિહાળી કામગીરીને બિરદાવી હતી.

સેવા કેમ્પની મુલાકાત લીધી હતી. તેઓએ સમગ્ર કેમ્પની વ્યવસ્થા નિહાળી હતી. ત્યાર બાદ યાત્રુળુઓને ભોજન પ્રસાદી પિરસી હતી અને સેવા કેમ્પની સેવાને બિરદાવી હતી.



જય જલિયાણ ફાઉન્ડેશન દ્વારા છેલ્લા ૧૨ વર્ષથી પદ યાત્રિકોની સેવા અર્થે સેવા કેમ્પ શરૂ કરવામાં આવ છે. જેમાં મિષ્ઠાન સાથે ભોજન પ્રસાદી, આરામની સુવિધા, મેડીકલ સુવિદ્યા અને અન્ય સુવિદ્યાઓ પુરી પાડવામાં આવે છે. છેલ્લા ચાર દિવસથી કાર્યરત જય જલિયાણ સેવા કેમ્પમાં યાત્રિકોનો ઘસારો યથાવત રહેવા પામ્યો હતો. દાંતા-અંબાજીના માર્ગો પર વરસાદી માહોલ હોવા છતાં પદ યાત્રિકો મક્કમ મનોબળ સાથે અંબાજી તરફ આગળ વધી રહ્યા હતા. સાથે સાથે સેવા કેમ્પમાં ભોજન પ્રસદીનો લાભ લીધો હતો. છેલ્લા

છેલ્લા ચાર દિવસથી કાર્યરત જય જલિયાણ સેવા કેમ્પમાં મોડીરાત સુધી યાત્રિકોનો ઘસારો જાવા મળઅયો હતો. આયોજક હિતેષભાઈ ઠક્કર અને દિપકભાઈ ઠક્કરે સેવા કેમ્પમાં સેવા આપનાર તમામ લોકોનો હૃદય પૂર્વક આભાર માન્યો હતો અને માં અંબે સર્વેની મનોકામના પૂર્ણ કરે તેમ જણાવ્યું હતું. સેવા કેમ્પમાં રાત્રે ટહુકાર બિટ્સ પાલનપુર દ્વારા સુપર રાસ-ગરબાની રમઝટ જમાવવામાં આવે છે. જેમાં યાત્રિકો મન મુકીને ઝુમી ઉઠયા હતા.

# મોડાસામાં ૨૪ કલાકમાં ૩ ઈંચ વરસાદ

## ભિલોડામાં ૭ ઇંચ વરસાદથી જળબંબાકાર યાત્રાધામ શામળાજીમાં ધોધમાર વરસાદથી મંદિર પરિસર અને બજારમાં પાણી ફરી વળતા યાત્રાળુઓ અને વેપારીઓ પરેશાન





